॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૧૧ નવેમ્બર ૧૯૯૦ અંક ૨

## વાલીઓને.

### શાળા પ્રવાસો અંગે

જ્યારે દેશની પરિસ્થિતિ અનુકુળ હતી અને પ્રવાસની સુવિધા સંતોષકારક હતી ત્યારે અમે ઘણાં સારા પ્રવાસોનું આયોજન કરી શકયા હતાં. અમે માનીએ છીએ કે આવા શૈક્ષણિક પ્રવાસોએ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના વિકાસમાં ગણનાપાત્ર ફાળો આપ્યો છે. આજે પરિસ્થિતિ બદલાઈ છે આમ છતાં વ્યાપારી ધોરણે ચાલતી સંસ્થાઓ પ્રવાસોનુ આયોજન કરે છે, તેવી પ્રતિષ્ઠિત અને વિશ્વસનીય સંસ્થાઓ સાથે આયોજન કરીને બાળકોને આવા પ્રયાસો આપવાનો અમે પ્રયત્ન કરીએ છીએ.

પ્રવાસોમાં શિસ્ત મહત્વનુ પાસું છે, અને તે આયોજનોમાં અનુકુળ રહે તેઓને જ આમાં સામેલ કરી શકાય તે સ્વાભાવિક છે.

નીચેનાં ધોરણોના વિદ્યાર્થીઓમાં શિસ્ત સારી રીતે રહી શકે છે, તેવો અમારો અનુભવ રહયો છે. એટલું જ નહીં પણ ઉચ્ચતર વિભાગના જે પ્રવાસોનું આયોજન થયું તેના બહુ જ કડવા અનુભવો પણ થયા. એકાદ કિસ્સામાં તો વિદ્યાર્થીના જાનનું પણ જોખમ હતું તે જોઈ, આવી જવાબદારી ન લેવી જોઇએ તેવું નક્કી કર્યું છે. સંસ્થા ઉચ્ચતર માધ્યમિક વિભાગના પ્રવાસોનું આયોજન નહીં જ કરે તેવું નક્કી થયું છે.

આમ છતાં વાલીઓને મારી આગ્રહભરી વિનંતી છે કે તમે પાંચ સાત કુટુંબો ભેગા થઈ આવા પ્રવાસોનું આયોજન કરી આપના બાળકોને બે પાંચ દિવસના પ્રવાસ આપો જેથી સારી એવી સંખ્યાના વડીલોની હાજરી બાળકોને જરૂરી સુરક્ષિતતા પૂરી પાડી શકે. પ્રવાસો વિદ્યાર્થી જીવનના ઘડતરમાં ભારે ઉપયોગી ભૂમિકા નિભાવે છે. આજના સંજોગોમાં આવા આયોજન અમે નથી કરી શકતા તેનું અમને દુઃખ અવશ્ય છે, આપ આપનાથી બધું કરશો તેવો મને વિશ્વાસ છે,

દિનુભાઈના વંદન

### અમૂલ્ય ઉપદેશ

અર્નેસ્ટ હેમિંગ્વેની આ વાત છે. તેઓ જે સ્કૂલમાં ભણતા હતાં ત્યાં એકવાર ટૂંકી વાર્તા લખવાની હરીફાઈ રાખવામાં આવી; વિદ્યાર્થીઓને આ માટે એક મહિનાની મુદત આપવામાં આવી. હેમિંગ્વેને તેમની શક્તિ માટે ખાત્રી હતી અને એટલે તેમને શ્રધ્ધા હતી કે તેમને ઇનામ જરૂર મળશે જ.

આ શ્રધ્ધામાં ને શ્રધ્ધામાં જ તેમનાં ૨૮ દિવસ તો કયાંય આનંદમાં પસાર થઈ ગયાં, ને બાકીના બે જ દિવસ રહ્યા ત્યારે હેમિંગ્વે વાર્તા લખવા બેઠા, ઉતાવળમાં ગમે તેમ કરીને વાર્તા પૂરી કરીને આપી અને આશા રાખીને બેઠા કે તેમને ઇનામ મળશે જ, પરંતુ પરિણામ સાંભળીને તો તેઓ હતાશ બની ગયા કારણ કે તેમને ઇનામ મળ્યું ન હતું. તેમના માન્યામાં એ આવે તેમ ન હતું છતાં તેમને તે વાત સ્વીકારવી પડે તેમ હતી.

તેઓ ઘેર પાછાં ફર્યા, ત્યારે ખૂબ અકળાયેલા હતાં અને ગુસ્સામાં હતા, આ જોઈ તેમની મોટી બહેને તેમને સાંત્વન આપતાં કહ્યું, "મને તો પહેલેથી જ ખબર હતી કે એક મહિનામાં કરવાનું કામ આમ બે દિવસમાં કેવી રીતે થાય? છેવટની ઘડીએ દોડાદોડ કરવાથી કાંઇ કામ થાય ખરું? હવે પસ્તાવાથી શું વળે? તને જો ખરેખર દુઃખ થયું હોય તો હવે બેસી રહેવાને બદલે આ પરાજય એ તારા ઉત્કર્ષનું પહેલું પગથિયું છે. એમ સમજી હવેથી જે કામ કરવાનું આવે તેનું મૂલ્ય ઓછું આંકવાને બદલે તેની પાછળ પૂરતી મહેનત કરજે, પૂરતો સમય આપજે. સફળતા માટે આ હંમેશા જરૂરી છે"

આપણા માટે પણ આ જ વાત કેટલી સાચી છે! આજના યુગમાં માણસને જ્યારે કાંઈ પણ કામ કરવાનું આવે છે ત્યારે તે કામ કયાં તો ટાળવાનો પ્રયત્ન કરે છે, અથવા તો તે કામ ગમે તે રીતે પૂરું કરી નાંખે છે. આળસ જાણે આજે સૌ કોઇમાં ઘર કરી ગઇ છે આજે સૌ કોઇને કંટાળો આવે છે, કામ કાળજીથી કરીએ અને તેની બાંધી મુદતમાં પૂરું કરીએ તો જ તે કામ દીપી ઊઠે, નહીં તો બધી મહેનત માથે પડે.

(સંકલન : પલક તેલી ૩ ક)

## આવું તોફાન શા માટે?

"બેન મારી સાયકલની હવા કોઇએ કાઢી નાંખી છે"

"બેટા! પંકચર પડયું હશે. હવા કોઈ શું કામ કાઢે?"

— "પણ બેન! બે વ્હીલને સાથે પંકચર તે પડે? કોઇએ જાણી જોઈને જ હવા કાઢી છે."

ત્યાં તો ઉપરાઉપરી ફરિયાદો શરૂ થઈ "બેન મારી સાયકલની સીટ પર કોઇએ ચીરો પાડયો છે" "મારી ઘંટડી કોઇએ તોડી નાંખી છે." "મારી બ્રેક કોઈએ તોડી નાંખી છે."

શાળા છૂટે છે ત્યારે કયારેક કોઈ દિવસ એવો હોય છે કે આવી અસંખ્ય ફરિયાદો આવે છે. કયારેક આવી કશી જ ફરિયાદ નથી આવતી અને ત્યારે સહેજે ય વિચાર આવે કે 'આનો ઉપાય શો?'

શાળાનાં ચોગાનમાં કોઈપણ અજાણી વ્યક્તિ ન પ્રવેશે તે માટે પૂરેપૂરો બંદોબસ્ત રાખવામાં આવે છે અને તેથી આ મુશ્કેલી અજાણ્યો માણસ આવીને કરે તે શકય નથી જ, 'તો પછી કરવું શું?'

શાળાનાં જ વિદ્યાર્થીઓ જો આવું તોફાન કરે તો તેમને કારણે કેટકેટલા વિદ્યાર્થીઓને સહન કરવાનું થાય? શાળા છૂટવાને સમયે આમેય વિદ્યાર્થી ઘેર પહોંચવા અધીરો બન્યો જ હોય, શિયાળાનાં ટૂંકા દિવસને કારણે શાળા છૂટયા પછી તો જોતજોતામાં સૂર્યાસ્ત થવા માંડે અને ત્યારે જો આવી પરિસ્થિતિ ઊભી થાય તો વિદ્યાર્થી એકદમ નિઃસહાય બની જાય છે, મૂંઝાઈ જાય છે.

વિદ્યાર્થી કયારેક માનસિક રીતે અસ્વસ્થ અવસ્થામાં સ્કુલમાં આવે છે ત્યારે તે વર્ગમાં ધ્યાન તો નથી જ આપી શકતો, પરંતુ તેનો ગુસ્સો, તેની અકળામણ, તેનો વિરોધ તે આવી નિષેધાત્મક વૃત્તિઓ પ્રગટ કરીને વ્યક્ત કરે છે, મનથી મૂંઝાયેલો તે બીજાને હેરાનગતિ કરે છે, આખાય વિદ્યાર્થી સમુદાયમાં માત્ર પાંચ પચીસ આવા વિદ્યાર્થીઓને કારણે કેટકેટલા વિદ્યાર્થીઓ હેરાન થાય છે! આ માટે વિદ્યાર્થીનું માનસ સમજવાની ખૂબ જરૂર છે, મોટાભાગે તો માબાપ અને શિક્ષકો બંને પક્ષે આવા વિદ્યાર્થીઓનો ખ્યાલ છે જ પરંતુ તે માટે જરૂર છે પ્રયત્નપૂર્વક તેમની માનસિક મૂંઝવણને દૂર કરવાની. પ્રેમથી પ્રાણીને પણ આપણે પાળીને સંસ્કારી બનાવી શકીએ છીએ તો આપણા પોતાના જ બાળકને આપણે સમજીને, સમજાવીને, હુંફ આપીને, તેની માનસિક મૂંઝવણો દુર કરી ને આવા તોફાન કરતો અટકાવી ન શકીએ?

ઊર્મિલા શાહ

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

તા. ૨૮-૭-૯૦નાં રોજ સંસ્થાનો સ્થાપના દિન ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો. બાળકોએ બાલરથ, કૂચ વિ. કાર્યક્રમો કર્યા. અતિથિવિશેષ તરીકે પધારેલ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા વાલી **શ્રી રાજેન્દ્રભાઇ પાઠકે** બાલરથીઓનું કુંકુંમ તિલક કરીને અભિવાદન કર્યું.

તા. ૩-૮-૯૦ને શુક્રવારે તાલીમવર્ગના બાળકોએ રક્ષાબંધનની ઊજવણી કરી. વર્ગશિક્ષકે બાળકોને કુંકુમ તિલક કરી રક્ષા બાંધી અને મગસ ખવડાવી મોં મીઠું કરાવ્યું. બાળકોને બલીરાજાની વાર્તા કરી રક્ષાબંધનનું મહત્ત્વ સમજાવ્યું.

તા. ૧૩-૮-૯૦ને સોમવારે તાલીમ મંડળીનાં બાળકોએ જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવ્યો. કૃષ્ણલીલાનાં જુદાં જુદાં પ્રસંગો ભાવવાહી રીતે ભજવ્યાં, સૌ કોઇએ એ કાર્યક્રમને ખૂબ માણ્યો.

તા. ૨૨-૯-૯૦નાં રોજ બાલમંદિરમાં નવરાત્રિ ઉત્સવ ઉજવવામાં આવ્યો. બાળકોને બાલમંદિરમાંથી જ લોકનૃત્યની કેળવણી મળવા માંડે છે. રંગબેરંગી વેશભૂષામાં સજ્જ થઈને બાળકોએ ગરબે ઘૂમી આખું ય વાતાવરણ સંગીત, નૃત્ય અને તાલથી ભરી દીધું.

**વિનંતી :-** સૌ વાલીઓને ખાસ વિનંતી કે આપના બાળકને બરાબર સમયસર ૩-૩૦ વાગે જ લેવા આવશો. કયારેક વહેલા લેવા આવવાનું થાય તો ૨-૦૦ વાગે રીસેસમાં લઇ જશો કે જેથી ચાલુ પ્રવૃત્તિએ વર્ગના બાળકોને ખલેલ ન પહોંચે.

વાલીઓ પોતાના વાહનો ઝાંપાનો રસ્તો રોકાય તે રીતે ન જ મૂકે.

આપના બાળકની વર્ષગાંઠ નિમિત્તે આપને કંઇ પણ કરવાની કે બાળકોને વહેંચવાની ઇચ્છા થાય તો તે માટે આચાર્યને પહેલેથી જાણ કરી તે માટેની સંમતિ લીધા પછી જ તેનું આયોજન કરશો. સંસ્થાના શિસ્ત માટે તે જરૂરી છે.

### શિશુમંદિર

**ઉત્સવો :-** તા. ૨૮-૭-૯૦નાં રોજ સંસ્થાનો **સ્થાપના દિન** ઉજવવામાં આવ્યો. જેમાં પ્રાર્થના, બાલરથ, મંગલકૂચ, ગરબા વિ. વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહભેર રજૂ કર્યા. શાળાનાં ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી **શ્રી સુનીલભાઈ કનૈયાલાલ મહેતા** અતિથિવિશેષ તરીકે પધાર્યા અને બાલરથીઓનું અભિવાદન કર્યું.

તા. ૧૩-૮-૯૦ના રોજ જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવવામાં આવ્યો ધોરણ ૫ થી ૭નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ રાસ, ગરબા, નાટક, નૃત્ય વગેરે રજૂ કર્યા તથા તેઓ માટે **વર્ગસુશોભન સ્પર્ધા** પણ યોજવામાં આવી.

ધો. ૩ અને ૪નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ પણ રાસ, ગરબા, નાટક, ધૂન, મટકીફોડનો પ્રસંગ વિ. ની રજૂઆત કરી, તેમને માટે પણ વર્ગ સુશોભન સ્પર્ધા રાખવામાં આવી હતી. ધો. ૧ અને ૨ માટે રાસ, ગરબા, ધૂન અને વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઘણાં બધા વિદ્યાર્થી ભાઈબહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો.

**વેશભૂષા સ્પર્ધા પરિણામ**

**ધોરણ ૧ :-**પ્રથમ-બાંરોટ અપૂર્વ (૧क)
દ્વિતીય-શાહ હર્ષિલ (૧ब), શાહ અભિષેક (૧ब)
તૃતીય-ત્રિવેદી નિલય (૧ब), ત્રિવેદી શ્રેય (૧ब),

**આશ્વાસન ઇનામ**
શાહ આલાપ (૧ब), મોદી કૃષ્ણા (૧ब),
ભટ્ટ દર્શિની (૧अ)

**ધોરણ ૨ :-** પ્રથમ શાહ કયવન (૨क)
દ્વિતીય-પૂજારા સુકેશ (૨क , મહેતા અભિષેક (૨क),
તૃતીય-શાહ મિહિર (૨क)

**આશ્વાસન ઇનામ :-**
ગાંધી શિમોલી (૨अ) વિજેતા ભાઈબહેનોને અભિનંદન.

**વર્ગ સુશોભન સ્પર્ધા :-**

**ધોરણ ૩ અને ૪ :-**
પ્રથમ ૪क, દ્વિતીય ૪अ અને તૃતીય ૩अ

**ધોરણ ૫ થી ૭ :-**
પ્રથમ ૭क, દ્વિતીય ૭अ અને ૬ब તૃતીય ૫अ

વર્ગ સુશોભન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવા આપનાર શ્રીમતી ભાનુબેન પટેલ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

તા. ૨૧-૮-૯૦નાં રોજ 'મહાવીર વાચન દિન' નિમિત્તે જૈન સ્તવનો અને ગીતોની રજૂઆત કરવામાં આવી.

તા. ૨૨-૯ ૯૦નાં રોજ 'નવરાત્રિ ઉત્સવ' ઉજવવામાં આવ્યો. બહેનોએ રંગબેરંગી ચણીયા ચોળી અને ઓઢણી માં સજ્જ થઈ રાસ ગરબા વિ. રજૂ કર્યા. રાસમાં ભાઈઓએ પણ ભાગ લીધો.

તા. ૧૭-૮-૯૦ના રોજ ધો. ૧ તથા ૨ નાં બાળકો માટે 'અંધજન મંડળનાં' સહયોગથી 'નેત્ર ચિકિત્સા કેમ્પ' યોજવામાં આવ્યો.

**વક્તવ્યો :-** તા. ૧૪-૧૧-૯૦ના રોજ બાલદિન નિમિત્તે પૂ સ્વ. નહેરૂચાચા વિષે વક્તવ્યો રજૂ થયા.

તા. ૧૯-૧૧-૯૦નાં રોજ ઈંદીરા જયંતિ પ્રસંગે સ્વ. ઈંદીરાજી પર વક્તવ્યો રજૂ કરવામાં આવ્યા.

**સ્પર્ધાઓ :- આરતી સ્પર્ધા ૧૯-૯-૯૦**

| ધો. ૭ | બહેનો | ભાઈઓ |
|---|---|---|
| પ્રથમ | સુતરીયા કોષાની (૭क), | મુનશા કુણાલ (૭अ), |
| દ્વિતીય | સોપારકર દેવલ (૭क), | શાહ પાર્થ (૭क), |
| | પટેલ જેનીશ (૭ब), | પટેલ અતુલ (૭ब), |
| તૃતીય – | કોન્ટ્રાકટર આનન (૭अ), | ભૂતા ધવલ (૭अ) |
| | પારેખ પૌલોમી (૭ब), | મહેતા નમન (૭अ) |
| | દવે ચિદ્રૂપિણી (૭अ), | વ્યાસ સાત્વિક (૭क) |

**ધોરણ – ૬ આરતી સ્પર્ધા ૨૦-૯-૯૦**

| | બહેનો | ભાઈઓ |
|---|---|---|
| પ્રથમ – | કાપડિયા ચાંદની (૬अ), | શાહ આર્જવ (૬ब) |
| દ્વિતીય – | શાહ ઝરણા (૬अ), | કોન્ટ્રાકટર અંજન (૬अ) |
| | દવે રત્નારાણી (૬ब), | |
| તૃતીય – | શાહ ફોરમ (૬ब), | વસા ધવલ (૬अ) |
| | શેઠ રાજવી (૬अ), | શાહ પીકેશ (૬अ) |
| | વૈષ્ણવ પ્રીતિ (૬ब), | શાહ ડેનીશ (૬अ) |

**ધોરણ – ૫ આરતી સ્પર્ધા ૨૧-૯-૯૦**

| | બહેનો | ભાઈઓ |
|---|---|---|
| પ્રથમ – | મહેતા શાલ્વી (૫क), | શાહ પલક (૫ब) |
| દ્વિતીય – | શાહ ભૂમિકા (૫क), | મહેતા નીરવ (૫अ) |
| | સોપારકર રુચિ (૫ब), | ઓઝા નિલય (૫अ) |
| તૃતીય – | પટેલ માસુમ (૫क), | ગોસલિયા ચિંતન (૫ब) |
| | પરીખ વલ્લભી (૫अ), | પટેલ આશિલ (૫अ) |

**ધોરણ – ૭ અભિનંદન કાર્ડ સ્પર્ધા ૪-૧૦-૯૦**

| | બહેનો | ભાઈઓ |
|---|---|---|
| પ્રથમ – | સુતરિયા કોષાની (૭क), | મહેતા નમન (૭अ) |
| દ્વિતીય – | ફોજદાર મિલોની (૭अ), | શાહ કૌતેય (૭ब) |
| | ખંધાડિયા વૈશાખી (૭अ), | વ્યાસ સાત્વિક (૭क) |
| તૃતીય – | ચોકસી પૂજા (૭अ), | શાહ સ્નેહલ (૭क) |
| | કોન્ટ્રાકટર આનન (૭अ), | શાહ નિગમ (૭क) |
| | દવે ચિદ્રૂપિણી (૭अ), | પટેલ નિરવ (૭ब) |

| ધોરણ – ૬ | બહેનો | ભાઈઓ |
|---|---|---|
| પ્રથમ – | શાહ ફુલવા (૬ब), | શાહ અનુજ (૬क) |
| દ્વિતીય – | કાપડિયા ચાંદની (૬अ), | ભટ્ટ ઉત્પલ (૬क) |
| | પટેલ ઋતા (૬क), | શાહ શૌર્ય (૬अ) |
| તૃતીય – | પટેલ અનાર (૬अ), | શાહ દર્શિલ (૬क) |
| | શાહ પિંકલ (૬अ), | વસા ધવલ (૬अ) |
| | શાહ લીસા (૬क), | મુનીમ ચિંતન (૬अ) |

**ધોરણ ૫ :-**
પ્રથમ – મહેતા શાલ્વી (૫क), શાહ પલક (૫ब)

દ્વિતીય – ગાંધી સલોની (૫બ), ગોસલિયા ચિંતન (૫બ)
ભટ્ટ સિદ્ધાર્થ (૫બ)

તૃતીય – સોપારકર રૂચિ (૫બ), દેસાઈ મૈત્રિક (૫અ)
ત્રિવેદી તૃષિતા (૫ક),

**પ્રવાસ** :– તા. ૨૮–૯–૯૦ થી તા. ૨–૧૦–૯૦ સુધી ધો. ૬–૭ માટે જેસલમેરનો પ્રવાસ યોજાયો.

**અભિનંદન :-**

**ચિત્ર :-**

ગુજરાત રાજ્ય લલિતકલા એકાદમી યોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં **રાજા નંદિત** (૬અ) (વિભાગ બ) તથા **શાહ રાજવી** (૧ક) (વિભાગ અ) માં ઇનામ મેળવે છે.

૨–૧૦–૯૦ના રોજ ગોલ્ડ સ્પોટ અને વસંત એજ્યુકેશન ટ્રસ્ટનાં ઉપક્રમે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં **રાજા નંદિત** (૬અ) દ્વિતીય ઈનામ, **રાજા નમ્રતા** (૫ક) પ્રથમ ઈનામ, તથા શાહ રાજવી (૧ક) પ્રથમ ઈનામ મેળવે છે.

કેમલ કલર યોજીત ૧૯૮૯ની ચિત્ર સ્પર્ધામાં **શાહ એકતા** (૨અ) પ્રથમ ઈનામ મેળવે છે.

સૌ ભાઈબહેનોને અભિનંદન.

**સ્કેટીંગ** : એલીસબ્રીજ જીમખાના આયોજીત સ્પર્ધામાં શાહ અનુજે (૬ક) સ્પીડ સ્કેટીંગ તથા લેમન સ્પુન સ્કેટીંગમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. **શાહ રાજવી** (૪ક) એ સ્પીડ સ્કેટીંગમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

જલતરંગ કલબ આયોજીત સ્કેટીંગ સ્પર્ધામાં રાવલ પ્રદ્યુમને (૭બ) ૨૪ કલાક સ્કેટીંગમાં ત્રીજુ સ્થાન તથા ઠાકોરભાઈ મુન્શા સ્કેટીંગ રીન્કમાં વિવિધ ઇનામો મેળવ્યા છે.

સૌ ભાઈબહેનોને અભિનંદન.

**તરણ સ્પર્ધા :-**

એલીસબ્રીજ જીમખાના આયોજીત તરણસ્પર્ધામાં શાહ રાજવી (૧ક) ફ્રીસ્ટાઈલ, બ્રેસ્ટ સ્ટ્રોક અને બેક સ્ટ્રોકમાં પ્રથમ આવી ગ્રુપ ચેમ્પીયન બન્યા છે. ઉપરાંત ઈન્ટરકલબ તરણ સ્પર્ધામાં પણ બેક સ્ટ્રોકમાં પ્રથમ તથા બ્રેસ્ટ સ્ટ્રોક, ફ્રી સ્ટાઈલ અને બટર ફલાયમાં તૃતીય આવ્યા છે.

ઈન્ટરકલબ તરણસ્પર્ધામાં શાહ અનુજે (૬ક) બ્રેસ્ટ સ્ટ્રોકમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન

**ચેસ સ્પર્ધા** :- ગુજરાત સ્ટેટ ચેસ એસોસીયેશન આયોજીત ચેસ સ્પર્ધામાં **મહેતા ઝીલને** પ્રથમ આવીને સર્ટીફીકેટ તથા ચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

**આભાર** :- આ સંસ્થાના વાલી **શ્રી ભરતભાઈ પંચાલ** તરફથી સંસ્થાને સુંદર માછલીઘર ભેટ આપવામાં આવ્યું છે જે માટે સંસ્થા તરફથી આભારની લાગણી વ્યક્ત કરું છું.

## વિનયમંદિર

તા. ૧૯–૯–૯૦નાં રોજ યોજાયેલ આંતરગૃહ વકતૃત્વ સ્પર્ધામાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો વિજેતા નિવડયાં છે તે માટે તેમને અભિનંદન.

પ્રથમ–વ્યાસ કૃતિ (૯ક)–ચંદ્રમૌલિ
દ્વિતીય – પાઠક જયન (૯બ) મેઘદૂત
તૃતીય – કાપડિયા વિશાલ (૮અ) ગીતગોવિંદ

તા. ૨૯–૯–૯૦થી તા–૩–૧૦–૯૦ સુધી ધો ૮ તથા ૯ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે સાપુતારા, ઉકાઈ ઉભરાટ સેલ્વાસ, દમણ, નારેશ્વર વિગેરે સ્થળોને આવરી લેતો દક્ષિણ ગુજરાતનો પ્રવાસ યોજાયો, જેમાં ૧૦૭ જેટલાં વિદ્યાર્થી ભાઈબહેનોએ ભાગ લીધો.

તા. ૧૪–૧૧–૯૦નાં રોજ 'બાલદિન' નિમિત્તે વિદ્યાર્થીઓએ વક્તવ્ય રજૂ કર્યા તથા સંસ્થાના નિયામક મુ. શ્રી હિનુભાઇએ 'શાળા બંધના એલાન' વિષે જરૂરી માર્ગદર્શન આપતું પ્રવચન કર્યું.

તા. ૨૧–૧૧–૯૦નાં રોજ શ્રી શશિકાંતભાઈ યાજ્ઞિકે કાવ્યો અને મુક્તકોનો વિદ્યાર્થીઓને હાસ્યસભર રસાસ્વાદ કરાવ્યો.

તા. ૭–૮–૯૦નાં રોજ ધો. ૧૧ ૧૨નાં વિદ્યાર્થીઓ સમક્ષ પ્રો. **શ્રી** શાંતિકુમાર પંડયાએ મહાભારત વિષે વ્યાખ્યાન આપ્યું.

તા. ૨૦–૯–૯૦નાં રોજ ધો. ૧૧ તથા ૧૨નાં વિદ્યાર્થીઓ માટે ગુજરાત રાજ્યનાં ભાષા નિયામક શ્રી કાલિદાસભાઈ ત્રિવેદીએ ગુજરાતી ભાષા વિષે તથા તેમનાં ઈંગ્લેડનાં પ્રવાસ વિષે પ્રવચન આપ્યું.

**અભિનંદન** :- ધો. ૮કનાં ભાઈ શ્રી અંકુર શાહ ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ શરદ તરણ સ્પર્ધામાં રાજકોટ ખાતે બટર-ફલાય તથા બ્રેસ્ટ સ્ટ્રોકમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી ગુજરાત તરફથી નેશનલ સ્વીમીંગ હરીફાઈ માટે પસંદગી પામ્યા છે. ઊપરાંત બૃહદ્ અમદાવાદ ઈન્ટરકલબ સ્પર્ધામાં બધા જ વિભાગમાં પ્રથમ આવી ગ્રુપ ચેમ્પીયન બન્યા છે તે માટે અભિનંદન.

**સંસ્થાનું ગૌરવ** :- ૧૯૯૦ એપ્રીલમા ઇજનેરી શાખાની, ગુજરાત યુનિવર્સીટી દ્વારા લેવાયેલ પરીક્ષામાં સંસ્થાનાં ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી **શ્રી સમીર કિશોરભાઈ સંઘાણી** બી ઈ. (ઇલેકટ્રોનિકસ તથા કોમ્યુનિકેશન)માં ફાઇનલમાં પ્રથમ આવ્યાં છે, તેમ જ **સ્વ.** વક્તસિંહ વાઘેલા ચંદ્રક અને શેઠ મણીલાલ શામળદાસ ચંદ્રક મેળવવા ભાગ્યશાળી નિવડયા છે હાલ તેઓ અમેરિકાની ઓહાયો સ્ટેટ યુનિવર્સીટી કોલંબસમાં ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે

૧૯૮૫માં તેમણે હાયર સકંડરી બોર્ડની પરીક્ષામાં બોર્ડમાં દસમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

સંસ્થા તેમને અભિનંદન પાઠવતાં ગૌરવ અનુભવે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ–૩૮૦૦૦૭.
મુદ્રણ સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ–૩૮૦૦૦૭. ફોન : ૪૧૨૭૮૮